

# હું ભાગ્યશાળી ને ભાવેશ મારો સુપરમેન

**આધિ, વ્યાધિ, ઉપાધિઓ જાગૃતિના ઘર પરથી હટી. કુટુંબમાં લગ્નપ્રસંગે ભાવેશ અને જાગૃતિ હોલડુ રમી રહ્યાં હતાં. રમતાં રમતાં ભાવેશ નીચે બેસી ગયો જાગૃતિ શું થયું એ પૂછવા નીચે બેઠી કે ભાવેશે જાગૃતિના ખભે માથું ઢાળી દીધું. એનું પ્રાણપંખેરું ઊડી ગયું**

**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

ત્રણ ભાઈની એકની એક બહેન જાગૃતિનું સોણલું શિક્ષક થવાનું. પિતાએ લાડકોડથી ઉછેરી. શિક્ષિકા થવા ઝાઝું ભણવાનું હતું. પિતા એને હંમેશાં પ્રોત્સાહિત કરતા અને કહેતા, ભણ તું તારે જેટલું ભણવું હોય એટલું ને જાગૃતિ બસ ભણે જતી. ત્યાં દીકરી મોટી થઈ ગઈ એના જોગુ શોધી હાથ પીળા કરી દો ની વાતો ગામમાં, કુટુંબમાં થવા માંડી. દીકરીને ઊડવા ખુલ્લું આકાશ આપવાની ખેવના રાખનાર પિતા સમાજના દબાણ સામે ઝૂક્યા. સિંગાગામના ભાવેશ પર એમનું ધ્યાન પડ્યું. પિતાએ લાડકી જાગૃતિને સિંગાગામે વળાવી. જાગૃતિ મનમાં B.Ed કરી લે તો શિક્ષક થઈ જવાયનું વિચાર્યા કરે. પતિ આગળ ભણવાનો પ્રસ્તાવ મૂકવાનું એણે નક્કી કર્યું ને એણે ભાવેશને પોતાના શમણાંની વાત કરી. ભાવેશ લાગણીવાળી વ્યક્તિ, જાગૃતિ માટે એને ઘણું હેત પણ સાસરીમાં આવીને ભણવાની વાત એને બહુ રુચિ નહીં. એણે જાગૃતિને, નકામી ઉપાધિ વહોરવા કરતાં હું કમાઈને આપું તું તારું ઘર સંભાળવાનું  કહ્યું. નવપરિણીત વહુનો સાસરીમાં ઉત્સાહ કેવો હોય? પણ જાગૃતિને ઉમંગ નહોતો. પગમાં બેડીઓ બંધાઈ ગયાનું એને લાગ્યું. ભાવેશ જાગૃતિના મનને સમજે. આખરે એણે જાગૃતિને B.Ed કોલેજમાં પ્રવેશ માટે અરજી કરવા કહ્યું. ભાવેશે જાગૃતિનું મન રાખ્યું એ વાતથી જ એ રાજી થઈ ગઈ. એણે આગળ ભણવાનું માંડી વાળ્યું. ભાવેશ પાસે ચાર વિઘા જમીન. આના ઉપર તો નભી ન શકાય. બેઉ અમદાવાદ પોતાનું કિસ્મત અજમાવવા આવ્યાં. કોશિશ કરી રહ્યાં હતાં ત્યાં સાસુના નિધનના સમાચાર આવ્યા. ઘરમાં વૃદ્ધ સસરા ને ફઈજી સાસુ રહ્યાં જેમની ચાકરી કરનાર કોઈ નહોતું. પૈસો તો ગામડેય કમાઈ શકાય એ વિચાર સાથે ખેતી અને પશુપાલન કરવાના નિર્ધાર સાથે બેય સિંગા પાછા આવ્યાં.

જાગૃતિ પટેલની દીકરી. ખેતી અને પશુપાલન તો પટેલના લોહીમાં પણ જાગૃતિને નાનપણથી ગાયભેંસોના છાણ, વાસીદાથી કંટાળો આવતો. કંટાળવાનું સજ્જડ કારણ પણ હતું. એને સંધિવાની બીમારી. શરીર ભારે કામથી કળતું, થાકી જતું પણ હવે થાકે ચાલે એમ નહોતું. શરીરની મર્યાદાઓ સાથે જાગૃતિએ પતિને મદદ કરવા કમર કસી. લોન લઈને એમણે પાંચ ગાયો-ભેંસો વસાવી. જાગૃતિ ગાય- ભેંસોને દહોવાનું કરે. એનું શરીર ખૂબ દુખે, થાકે ત્યારે ભાવેશ એને મદદ કરે. સંસાર સુખેથી ચાલે જતો. જાગૃતિના ઘરે દીકરાનો જન્મ થયો. આ દીકરો બીમાર પડ્યો. એના મગજમાં પાણી ભરાઈ ગયું, એને વારે વારે ખેંચ આવે ને એમાં ને એમાં એનું અડધું અંગ નકામું થઈ ગયું. બૌદ્ધિક રીતે પણ એ સામાન્ય માણસ કરતાં જરા ઊણો. આખી જિંદગી આ દીકરાની ચાકરી ઘરડાં માવતરની જેમ જ એમને કરવાની છે એવું બેઉએ નક્કી કર્યું. એ પછી છ વર્ષે એમને બીજો દીકરો થયો. બંને જણાયે મહેનત કરીને નાનીશી મૂડી ભેગી કરી. સ્વપ્ન ઘર સરખું બનાવવાનું હતું. બચત પણ એ નિમિત્તે થઈ રહી હતી.

22 વર્ષે ભાવેશને પરણેલી જાગૃતિએ ચાલીસી વટાવી. ત્યાં એક દિવસ એને છાતીમાં ગાંઠ જેવું લાગ્યું. ડૉક્ટરને બતાવ્યું ને ડૉક્ટરે સ્તન કેન્સર હોવાનું નિદાન કર્યું. કેન્સરનું નામ સાંભળતાં લોકો ફફડી ઊઠે. દરેક કેન્સર જીવલેણ નથી. સારવારથી સાજાનરવા થઈ શકાય પણ નિદાન થાય ત્યારે પ્રથમ તો માણસ ગભરાઈ જ જાય. જાગૃતિ અને ભાવેશ પણ ગભરાયાં.

જાગૃતિ તો બાળકોનું, ભાવેશનું શું થશે એ વિચારી રડી રડીને અડધી થઈ ગઈ. ભાવેશની આંખો પણ ભીની થઈ. પણ પોતે ભાંગી પડશે તો જાગૃતિનું શું થશે એ વિચારી એણે મન મક્કમ કર્યું. એણે અને પરિવારના સૌએ જાગૃતિને કેન્સર એટલે કેન્સલ નહીં, આમાંથી ઊગરી શકાય છે કહી હિંમત રાખવાનું કહ્યું. એ પછી શરૂ થઈ લાંબી સારવાર. કિમો થેરાપી. સ્ત્રીના સૌંદર્યમાં મહત્ત્વનો ભાગ ભજવે તે વાળ, સ્ત્રીનું અમૂલ્ય ઘરેણું તે વાળ ધીમે ધીમે જતા રહ્યા. વાળ સારવાર પછી પાછા આવવાના પણ એ વખતે તે મોંઢાને અરીસામાં જોતા પણ જાગૃતિને બીક લાગતી. આર્થિક રીતે પરિવાર ખુવાર થઈ ગયો. સગાંવહાલાં સૌએ થાય તે મદદ કરી પણ એ બધાય કાંઈ એવા માલદાર નહોતા કે સતત મદદ કરી શકે. ભેગી કરેલી મૂડી ઘસાઈ ગયાનો અફસોસ જાગૃતિને હતો પણ ભાવેશને જરાય નહીં. મારી પાછળ કેટલું ખર્ચશો એવું રડીને જાગૃતિ ભાવેશને કહેતી ત્યારે ભાવેશ કહેતો, પૈસો તો હાથના મેલ જેવો. એનાથી પ્રીતિ ન બંધાય. એ કોઈનો થ્યો નથી ને કોઈનો થવાનો નથી. મારા માટે તું ખાલી ઘરમાં બેઠી હોય એ પૂરતું. બાકી બાવડામાં બળ છે. પૈસો તો પેદા કરી લઈશ. એણે જાગૃતિને કોઈ વાતે ઓછું આવવા ન દીધું. સ્તન કેન્સરની સારવાર બાદ સ્ત્રીને સૌથી મોટી ચિંતા પતિ એના પર પહેલાં જેવું હેત વર્ષાવશેની થાય. ભાવેશે ખડેપગે એની સેવા કરી. રસોઈ કરવાથી લઈને બાળકોને સાચવવાનું ને સાથે ગાયોભેંસોને સાચવવાનું પણ. જાગૃતિ કહે, ‘‘તકલીફમાં માણસની સાચી ઓળખ થાય. ભાવેશ મને ગુડ માણસ લાગે. હું એને ખૂબ પ્રેમ કરું પણ મારી બીમારીમાં એણે મને જે રીતે સાચવી એ જોઈને હું બધાને કહેતી કે હું ભાગ્યશાળી છું ને ભાવેશ મારો સુપરમેન.’’ ભાવેશનો સ્વભાવ પણ પરગજુ. એ ગામમાં કોઈને મદદની જરૂર પડે એમની સાથે એ ઊભો હોય. ભલે આર્થિક રીતે એ મદદ ન કરી શકે પણ ઘણું દુઃખ તો કોઈ સાથે છે એનાથીયે હળવું થઈ જાય. ભાવેશ એ રીતે સૌની સાથે રહેતો. જાગૃતિને એની પરોપકારની ભાવના પણ ખૂબ ગમે. જાગૃતિ ભાવેશની કાળજીથી સારીનરવી થઈ ગઈ. આધિ, વ્યાધિ, ઉપાધિઓ જાગૃતિના ઘર પરથી હટી હતી. હવે સુખના દિવસો પાછા આવ્યા. કુટુંબમાં લગ્નપ્રસંગ હતો. ભાવેશ અને જાગૃતિ હોલડુ રમી રહ્યાં હતાં. રમતાં રમતાં ભાવેશ નીચે બેસી ગયો. જાગૃતિ શું થયું એ પૂછવા એની સાથે નીચે બેઠી કે ભાવેશે જાગૃતિના ખભે માથું ઢાળી દીધું. ભાવેશનું પ્રાણપંખેરું ઊડી ગયું ને જાગૃતિએ કારમી ચીસ નાખી. (ક્રમશઃ)

---

# સમય જેટલો ક્રૂર છે એટલો જ તરફદાર પણ છે

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી



**ઓટલા પર બેઠેલી જિંદગીઓના ભવ્ય ભૂતકાળ, એમના જોર, એમના જુસ્સા, એમનાં અરમાનો પર સમયના રથનાં પૈંડાં ફરી ગયાં હોય છે**

રોજ એક ચોક્કસ રસ્તેથી પસાર થવાનું બને. એ રસ્તે એક ચોક્કસ ઠેકાણે થોડા વૃદ્ધોને બેઠેલા જોઉં. ક્યારેક બે -ચાર હોય તો ક્યારેક કોઈ એક. એ વૃદ્ધોને જ્યારે જોઉં ત્યારે એક વિચાર આવે. એમને અહીં બેસવાની ફરજ કોણે પાડી? બહુ વિચારું તો એક જ શબ્દ આવીને ઊભો રહી જાય ‘સમય.’ આ સમય અદભુત ચીજ છે. સમય એવો આવ્યો છે કે વૃદ્ધોને ન છૂટકે ઘર છોડીને  ઓટલે, રસ્તે, બગીચે બેસવું પડે છે. સમય કોઈનો સગો નથી થતો એવું કહેવાય છે. તો શું એ વૃદ્ધોનો સમય પૂરો થઈ ગયો? કે પછી સમાજ વ્યવસ્થાની મજબૂરીએ આવું કરવું પડે છે? જો અને તોની વાત છે. એક તરફ સતત બદલાતી ટેક્નોલોજીને કારણે આપણી પરિવાર વ્યવસ્થા તૂટી રહી છે. બીજી તરફ દરેક માણસ જો એનું શરીર સાબૂત હોય તો એકલો સમય પસાર કરી શકે એ માટેની તમામ વ્યવસ્થાઓ મોજૂદ છે. કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટી.વી., સેલફોન, વાહનો. આ બધાં સાધનો માણસજાતની સગવડો સાચવવામાં ઉચ્ચતમ શિખરે પહોંચ્યાં છે પણ, જરા જુદી રીતે જોઈએ તો આ સાધનો થકી જ માણસ માણસથી દૂર થઈ રહ્યો છે. સૌથી વધુ ભોગ બન્યા હોય તો વૃદ્ધો. વૃદ્ધત્વની સૌથી મોટી કરુણા એનું અશકત શરીર છે. એ ભાગતી દુનિયા સાથે તાલ મેળવી શકતું નથી. વળી એ આર્થિક ક્ષેત્ર એટલે કે અર્થતંત્રની ભાષામાં કહીએ તો ઉત્પાદકીય વ્યાખ્યામાંથી બહાર નીકળી જાય છે એટલે પરિવારના સભ્યો પણ એને એટલો સમય નથી આપતા જેટલું એક જીવતા માણસ તરીકે, પરિવારના નિર્માણકર્તા તરીકે એ મેળવવાના હક્કદાર છે! આપણે ભલે વડીલ વંદનાની પ્રશસ્તિઓ ગાતાં હોઈએ પણ બહુ ધ્યાનથી જોવામાં આવે તો એવા નસીબદાર જૂજ વડીલો હશે જેને ખરા અર્થમાં પાછલી પેઢીની હૂંફ મળતી હોય.

ક્યારેક ક્યારેક કોઈ યુવાન કે પ્રૌઢને એવું કહેતા સાંભળવા મળે છે કે બા અથવા બાપા જીદ્દી થઈ ગયાં છે. એમને માઠું લાગી જાય છે. આ બધું એ વૃદ્ધ જિંદગીનું પોતાનું હોવાપણું સાબિત કરવાના પ્રયત્નો છે. માણસમાં જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી એ આ જગતની ઊર્જાનો એક ભાગ છે અને પોતાનો જીવતેજીવ અસ્વીકાર થતો જોઈ તે અકળાય છે. પરિણામે નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે સંઘર્ષ જાગે છે. જરા અટકીએ, આપણા વ્યવહારશાસ્ત્રને પડખે મૂકી દઈએ. જીવનની ભાગદોડને એક બાજુ મૂકીને વિચારીએ કે જ્યારે આપણે બીમાર હોઈએ છીએ ત્યારે કોઈ આપણું ધ્યાન ન રાખે તો કેવી અકળામણ થાય? બસ આવી અકળામણ પેલા વૃદ્ધો અનુભવે છે. જેને ઘરમાં એવું લાગવા માંડે છે બસ, હવે કોઈને મારી જરૂર નથી. કોઈ બદલાયેલા સમયને ચૂપચાપ સ્વીકારી લે છે અને દોડતી દુનિયાને જાડા કાચના ચશ્માંમાંથી જોયા કરે છે. ઓટલા પર બેઠેલી જિંદગીઓના ભવ્ય ભૂતકાળ, એમના જોર, એમના જુસ્સા, એમનાં અરમાનો પર સમયના રથનાં પૈંડાં ફરી ગયાં હોય છે. એ પ્રતીક્ષા કરે છે, કોઈ એમની પાસે બેસે, બોલાવે, એમના ભૂતકાળની વાતો સાંભળે, બસ એ સમજે છે અમારો સ્વીકાર થાય છે અને એ ખુશ રહે છે પણ કમાતી -ધમાતી પેઢી કે મોજશોખમાં પડેલા એવું કરતાં નથી. ત્યારે બાળકો વૃદ્ધની નજીક પહોંચે છે અને વૃદ્ધને જીવવાનો આશારો મળી જાય છે. દુર્ભાગ્ય ગણો કે સમયનો તકાજો હવે બાળકોને પણ વૃદ્ધોથી દૂર રાખવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ બાળક અને વૃદ્ધ બેય માટે સામાજિક અપરાધ છે છતાં આપણે કશું અટકાવી નહીં શકીએ. સમય એનું કામ કરશે. સમયને હાથમાં રાખવાનો પ્રયાસ તો દરેક જણ કરતો હોય છે પણ સમય કોઈના હાથમાં રહેતો નથી. સમય માત્ર તમાશો જુએ છે.

આજે દરેક માણસને પોષણક્ષમ ખોરાક મળી રહે છે. આવાસો સગવડ સહિતના છે. વસ્ત્રો પણ ઋતુઓ સામે ટકી રહેવાનું બળ આપે છે. તબીબી ક્ષેત્ર તેના ચરમ ઉપર છે. ભલભલા હઠીલા રોગોને હટાવી દેતી દવાઓ છે. આ બધાંને કારણે આજે માણસનું આયુષ્ય વધ્યું છે એટલે સરેરાશ વૃધ્ધોની સંખ્યા પણ વધી છે. બીજી તરફ શહેરી વ્યવસ્થાઓમાં માણસ પીસાય છે. રોજગારી માટે ફરજિયાત પોતાનું વતન છોડવું પડે છે. આવી સ્થિતિમાં જેમની સાથે મોટા થયા હોય એ પાછલી વયે જોવા મળતા નથી.

આવા સમયે વૃધ્ધ સાથે બાળક હોવું એ નસીબદારને પ્રાપ્ત થાય છે. બાળક અને વૃધ્ધની મિત્રતાના મૂળિયાં બહુ જ ઊંડાં હોય છે. કેળવણીના બદલાયેલાં સ્વરૂપોએ બાળકો ઉપર એટલો બોજો નાખી દીધો છે કે તેને દાદા કે દાદી સાથે સૂવાનું કે વાતો કરવાનો સમય જ મળતો નથી. આ બધું કોને પૂછવું કે આનો અંત ક્યારે અને કેવો?